**PRESS MONITOR**

| | |
|---|---|
| Publication | Western Times |
| Edition | Ahmedabad |
| Date | 05 January, 2017 |
| Page | 07 |

---

## ELANPRO SHOWCASES VERSATILITY, DESIGN AND TECHNOLOGY WITH NEW LAUNCHES

# એલાનપ્રો નવા લોન્ચીસ સાથે વર્સેટાલિટી, ડિઝાઇન અને ટેકનોલોજી દર્શાવે છે

**અમદાવાદ,** ભારતની અગ્રણી કમર્શિયલ રેફ્રિજરેશન કંપની એલાનપ્રો દ્વારા તેની કિચન અને રિટેલ રેફ્રિજરેશન પ્રોડક્ટસની સમગ્ર રેન્જ દર્શાવાઈ છે. જેમાં નવી લોન્ચ કરાયેલી એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી ઈકેજી ૩૧૫ ગ્લાસ ટોપ ફ્રીઝર સિરીઝ, સ્ટાઈલ સેવી ઈકેજી ૪૧૦ જીટીએફ સિરીઝ એલઈડી સાથે, ઈએફ ૮૨૫ કે જે ઈન્ડસ્ટ્રીનું વિશાળ કર્મશિયલ ફ્રીઝર છે અને મલ્ટીકાસ્ટીંગ જીટી ટચ છે. તે ખાદ્યખુરાકની ૧૪મી એડિશનના એક્ઝિબિશનમાં જોવા મળ્યું હતું. ભારતનું અગ્રણી ફૂડ પ્રોસેસિંગ અને હોસ્પિટલિટી એક્સ્પોઝિશન ખાદ્ય ખુરાકનું આયોજન ૩-૬ જાન્યુઆરી, ૨૦૧૭ દરમિયાન થયું છે. એલાનપ્રો દ્વારા કર્મશિયલ રેફ્રિજરેશન અને ફૂડ સર્વિસ પ્રોડક્ટસની વ્યાપક રેન્જ વિવિધ બજેટ અને હેતુ માટે પ્રદર્શિત કરાઈ છે. ક્લાસમાં બેસ્ટ, વિશ્વસનીય અને ઊર્જા કાર્યક્ષમ પ્રોડક્ટસ મજબૂત બોડી, ડિજિટલ કંટ્રોલ બટન્સ, મેટલ પ્લેટ સ્ટ્રક્ચર, ઓટોમેટિક કંટ્રોલ મિકેનીઝમ જેવા ફિચર્સથી સજ્જ છે. કંપની તેની ટેકનોલોજીકલી એડવાન્સ્ડ પ્રોડક્ટસ જેમ કે ગ્લાયકોલ ફ્રીઝર વાઈસાઈ કૂલર્સ, વાઈસાઈ ફ્રીઝર્સ આઈસ મશીન્સ, એલાનપ્રો બેકશોપ ડીસી સિરિઝ, રિચ ઈન્સ. બ્લાસ્ટ ચિલર્સ એન્ડ ફ્રીઝર્સ, સલાડ અને પ્રેપ કાઉન્ટર્સ, ચેસ્ટ ફ્રીઝર્સ વગેરે દર્શાવી રહી છે. કંપની તેની નવી રજુઆતો ભારતીય માર્કેટ્સ માટે પણ દર્શાવશે. ટેકનોલોજીકલી એડવાન્સ્ડ, એલાનપ્રો ટોપ ફ્રીઝર સિરિઝ (ઈકેજી ૩૧૫) હાઈલી એફિશઈયન્ટ રેન્જ છે. ૮૨ એમએમ ઈન્સ્યુલેશન સાથે આ પ્રોડક્ટ હાઈ ઓલ્ડ ઓવર ટાઈમ ધરાવે છે અને તે અવારનવાર વીજળી ગૂલ થવાની સ્થિતિમાં આદર્શ છે.

આવતી કાલને વધુ સ્માર્ટ કરવા માટે એલાનપ્રો જીટીએફ સિરીઝ (ઈકેજી ૪૧૦ એ ઈનબિલ્ટ એલઈડી સાથે આઉટફિટેડ છે જે સુનિશ્ચિત રીતે વિઝિબિલીટી ધરાવે છે. હાઈ પર્ફોર્મિંગ સિસ્ટમ સુનિશ્ચિત કરે છે કે તાપમાન નીચું રહે અને નોંધપાત્ર રીતે બચત થાય.

ગ્રાહકલક્ષી એલાનપ્રો ૮૨૫ એ વિશાળ સાઈઝ કર્મશિયલ રેફ્રિજરેટર છે. કસ્ટમર ફ્રેન્ડલી ઓફરિંગ્સ ત્રણ ડોર સાથે સરળ એક્સેસ યુનિટના દરેક ખૂણે આપે છે. દૂધની પ્રોડક્ટસ અને આઈસક્રીમ માટે આદર્શ આ પ્રોડક્ટ એક લાર્જ કોલ્ડરૂમ્સ છે. યુનિક ડિઝાઈન લોંગ ટર્મ સ્ટોરેજ અને ડિસ્ટ્રીબ્યુશન હેતુ માટે મદદરૂપ થશે. જીટી ટચ એક ઈનોવેટિવ મલ્ટીકાસ્ટિંગ મશીન ભારતમાં એલાનપ્રો દ્વારા · ઈટાલીના એસપીએમ માટે માર્કેટ કરશે. હાઈલી એફિશિયન્ટ પ્રોડક્ટ પાંચ પ્રોડક્ટ સુધી ડિલિવરી કરશે.